# ગુજરાતમાં કોરોનાના કેસ ૬૩

| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ | ગાંધીનગર | કચ્છ | ભાવનગર | મહેસાણા | ગીરસોમનાથ | પોરબંદરમાં |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ૦૯ | ૦૮ | ૦૯ | ૦૯ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ |

## ગુજરાતમાં કોરોનાના નવા કેસ સપાટી ઉપર : એકનું મોત થયું : ગીરસોમનાથ, પોરબંદરમાં નવા પોઝિટિવ કેસ

ગાંધીનગર, તા.૨૯ ગુજરાતમાં કોરોનાના કેસોમાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. કોરોનાનો કાળોકેર ગુજરાતમાં પણ જારી રહ્યો છે. કેસોની સંખ્યામાં સતત વધારો થતાં તંત્ર પણ ચિંતાતુર છે. લોકડાઉનના કઠોર અમલ છતાં કેસો વધી રહ્યા છે. આજે ગુજરાતમાં નવા કેસોની સાથે જ કેસોની સંખ્યા વધીને ૬૩ ઉપર પહોંચી હતી જ્યારે મોતનો આંકડો પાંચ ઉપર પહોંચ્યો છે. મોતનો આંકડો પણ વધી રહ્યો છે. આજે સુરત, ગીરસામનાથ, પોરબંદર, રાજકોટમાં પણ કેસોમાં વધારો થયો હતો. અમદાવાદમાં પણ નવા કેસો ઉમેરાયા છે. નવા વિસ્તારો પણ કોરોનાના સકંજામાં આવી રહ્યા છે. તંત્ર સાવચેત છે અને તમામ પગલા લઈ રહ્યું છે છતાં કેસો વધી રહ્યા છે. અમદાવાદમાં આજે વહેલી સવારે ૪૫ વર્ષીય એક પુરૂષનું કોરોનાનાા કારણે મોત નોંધાતા અમદાવાદમાં કોરોનાના કહેરમાં અત્યારસુધીમાં ત્રણના મોત નોંધાયા છે, જ્યારે સમગ્ર રાજયમાં કોરોનાના કારણે કુલ મૃત્યુઆંક પાંચનો થયો છે. જેમાં ત્રણ અમદાવાદમાં, એક ભાવનગર અને એક સુરતમાં મોત સામે આવ્યા છે. અત્યાર સુધીમાં અમદાવાદમાં ૨૨, ગાંધીનગર-૯, વડોદરા-૯, રાજકોટ-૯, સુરત-૮, કચ્છ-૧, મહેસાણા-૧, ગીર સોમનાથ-૨, ભાવનગર-૧, પોરબંદરમાં ૧ કેસ નોંધાયો છે. કોરોના સામે લડવા ૧૦ ટીમો બનાવવામાં આવી છે. બીજીબાજુ, કોરોના કહેરને અટકાવવા અને પ્રજાના આરોગ્યની ચકાસણીના ભાગરૂપે રાજયભભરમાં અત્યાર સુધીમાં પાંચ કરોડ લોકોનો સર્વે હાઉસ ટુ હાઉસ અને ફોનથી કરવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ વધુમાં ઉમેર્યુ હતું કે, વડોદરામાં ત્રણ વ્યક્તિઓ કે જેમને પોઝિટિવ કેસ હતા તેઓ સારવાર પછી હવે સારા થઈ ગયા છે. આમ છતાં તેમને પ્રોટોકોલ પ્રમાણે ૧૪ દિવસના આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. રાજયમાં અત્યારે ૧૯,૬૬૧ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈન હેઠળ છે. તેમજ ક્વોરેન્ટાઈનનો ભંગ કરનાર ૨૩૬ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. જરૂર પડ્યે તો જ બહાર નીકળીએ. સોશિયલ ડિસ્ટન્સ રાખવું જરૂરી છે. સિનિયર સિટીઝનથી અંતર રાખવું જરૂરી છે જે તેમના માટે સારું છે. ગામડામાં સારી રીતે સર્વે ચાલી રહ્યો છે. હાલમાં જે લોકો પોઝિટિવ છે અને હોસ્પિટલમાં દાખલ છે એમને ત્યાં જ રખાશે. નવા કેસ જ હવે નવી કોવિડ હોસ્પિટલમાં લેવામાં આવશે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કેસોની સંખ્યામાં વધારો થયો છે. આજે ગીરસોમનાથમાં બે, પોરબંદરમાં એક, અમદાવાદમાં એક, રાજકોટમાં એક સપાટી પર આવ્યા હતા. કોરોના સામે લડવા અભૂતપૂર્વ આયોજન કરાયું હોવા છતાં કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. કોમ્યુનિટી ટ્રાન્સમિશનના કેસો પણ આવ્યા છે જે વધુ ચિંતા ઉપજાવે છે પરંતુ તંત્ર સંપૂર્ણપણે સાબદુ છે.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં આવેલા ઔધોગિક ગૃહોમાં વિવિધ પરપ્રાંતના શ્રમજીવી –કામદારો ફરજ બજાવે છે. નોવેલ કોરોના વાયરસના કારણે શ્રમજીવી અને ગરીબો માટે ભોજનની વ્યવસ્થા કરવા જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલની અપીલને સંપૂર્ણ સહકાર આપી પ્રવર્તમાન લોક ડાઉનની પરિસ્થિતિમાં ૨૦ જેટલા મોટા ઔધોગિક એકમોને મોટી સંખ્યામાં પરપ્રાંતના કામદારો માટે બે ટાઈમ ભોજનનું આયોજન હાથ ધર્યુ હતું.



### વડગામ તાલુકાના નગાણામા સેનેટાઇઝર કરાયું

વડગામ તાલુકાના નગાણા ગામમાં ગ્રામ પંચાયતના સત્તાધીશો દ્વારા ગામમાં સેનેટાઈઝર કરીને દવાનો છંટકાવ કરાતાં ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. જેના પગલે સમગ્ર ભારતમાં લોકડાઉન કરીને મહામારી સંક્રમણથી બચવા સરકાર અને વહીવટીતંત્ર દ્વારા ભારે જહેમત ઉઠાવાય રહી છે. વડગામના નગાણા ગામમાં મહામારીથી બચવા તેમજ કોઈ બિમારી ન ફેલાય તેવા આશયના ભાગરૂપે ગામમાં ડે.સરપંચ સાથે રહીને ટીએસસી પાવડરનો છંટકાવ કરીને ગામ આખાને સેનેટાઈઝર કરવામાં આવ્યું હતુ.



### રાજપુર લોધાવાસના રહીશોએ 'મન કી બાત' સાંભળી...

લોકડાઉન દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રેડિયો ઉપર દેશવાસીઓ સાથે 'મનકી બાત' કરી હતી. ત્યારે લોકડાઉનનું પાલન કરી ઘરે રહેલા ડીસા-રાજપુરના લોધાવાસના રહીશોએ 'મનકી બાત' સાંભળી હતી. વડાપ્રધાન મોદીએ 'મનકી બાત'માં લોકડાઉન બાબતે દેશવાસીઓની માફી માંગી વિશ્વ વ્યાપી કોરોનાની મહામારીને નાથવા લોકડાઉન એકમાત્ર વિકલ્પ હોવાનું જણાવી તેનું ચુસ્ત પાલન કરવા અંતઃકરણની અપીલ પણ કરી હતી.

## લોકડાઉનમાં ક્રિકેટ રમતના પગલે સર્જાઈ જૂથ અથડામણ

### મોડાસાના ચાંદટેકરી વિસ્તારમાં એક જ કોમના બે જૂથ વચ્ચે પથ્થરમારો

મોડાસા, તા. ૨૯ ગુજરાતમાં લોકો લોકડાઉનનું પાલન કરી રહ્યા છે અને ઘરની અંદર રહી પરિવાર સાથે સમય પસાર કરી રહ્યા છે. પરંતુ કેટલાક લોકો હાલ પણ લોકડાઉનને હળવાશમાં લઈ રહ્યા છે અને કોરોના વાયરસની ગંભીરતાને સમજ્યા વિના લટાર મારવા ઘરની બહાર નીકળી રહ્યા છે. તો કેટલાક વિસ્તારોમાં યુવકો સમૂહમાં એકઠા થઈ વિવિધ રમત રમી લોકડાઉનને મજાક બનાવી રહ્યા છે. મોડાસા શહેરના ચાંદટેકરી વિસ્તારમાં ક્રિકેટ મેચ રમતા યુવકો વચ્ચે સામાન્ય બોલાચાલી થયા પછી જૂથ અથડામણની સ્થિતિ પેદા થઈ હતી એક જ કોમના બે ટોળા વચ્ચે ભારે પથ્થરમારો થતા ઘટનાની જાણ પોલીસને થતા તાબડતોડ પોલીસનો કાફલો ચાંદટેકરીમાં પહોંચી સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. પોલીસની ઉપસ્થિતિ વચ્ચે હાલ તંગદિલી ભરેલો માહોલ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.





અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં પોલીસે લોકડાઉનની ચુસ્ત અમલવારી માટે સઘન પેટ્રોલિંગ અને ડ્રોન કેમેરાની મદદથી ક્લોજડાઉનની અમલવારી માટે સતત પ્રયત્નશીલ છે ત્યારે મોડાસા શહેરના ચાંદટેકરી વિસ્તારમાં લઘુમતી કોમના યુવકો અંદર-અંદર ટિમ બનાવી ક્રિકેટ રમી રહ્યા હતા. મેચ દરમિયાન બે ટીમ વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ મામલાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ચાંદટેકરી વિસ્તારમાં એક જ કોમના બે લોકો સામસામે આવી જઈ પથ્થરમારો કરતા લોકોમાં નાસભાગ મચાવાની સાથે હો..હા થતા ભારે ચકચાર મચી હતી. ચાંદટેકરીમાં જૂથ અથડામણ અંગે પોલીસતંત્રને જાણ થતા પોલીસ કાફલો ચાંદટેકરી વિસ્તારમાં પહોંચી જતા લોકો ઘરોમાં પુરાઈ ગયા હતા. પોલીસે વણસતી સ્થિતિને કાબુમાં લીધી હતી પથ્થરમારામાં એક મહિલા ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાઈ હતી. પથ્થરમારામાં લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી ચાંદટેકરી વિસ્તારમાં થયેલ જૂથ અથડામણમાં આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ ન હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

## ઉત્તરાખંડ એસટી નિગમની ૪૦ વોલ્વો બસ ગુજરાતી યાત્રિકો સાથે શામળાજી પહોંચી

### હરીદ્વાર અને ઋષીકેશ જાત્રાએ ગયેલા યાત્રીકો પરત ફર્યા

સમગ્ર ભારતમાં લોકડાઉન સરકાર દ્વારા જાહેર કરી દેવામાં આવ્યું છે ત્યારે ગુજરાતમાંથી હરિદ્વારા અને રૂઋીકેશ ગયેલા યાત્રીઓ લોકડાઉનમાં ફસાઈ ગયા હતા. જેઓ શનિવારના



રોજ પરત ફરતાં શામળાજી ચેકપોસ્ટ ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઉત્તરાખંડ એસટી નિગમની ૪૦ જેટલી બસો દ્વારા સુરત અને ભાવનગરના યાત્રીકો પરત ફરતાં તમામ યાત્રીકોનું સ્ક્રિનીંગ હાથ ધરવામાં આવ્યું હતું. અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર, આરોગ્ય વિભાગ અને પોલીસતંત્ર ખડેપગે ફરજ બજાવી હતી સેવાકીય સંસ્થાઓએ યાત્રાળુઓ માટે ચા-નાસ્તા અને જમવાની વ્યવસ્થા પુરી પાડી હતી. ગુજરાત પરત ફરતા જ યાત્રાળુઓએ હાશકારો અનુભવ્યો હતો.

કોરોનાનો ભરડો દિવસેને દિવસે મજબૂત થતો જાય છે. હાલમાં ગુજરાતમાં ૫૩ જેટલા કોરોના પોઝીટીવ કેસ છે ત્યારે સરકાર દ્વારા બોર્ડરોને સીલ કરવાની કાર્યવાહી સાથે બહાર આવવા જવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે. દેશને લોકડાઉન જાહેર કરી દેવામાં આવ્યો છે જેમાં લોકોએ ઘરની બહાર ન નિકળવું તેવા આદેશો કરવામાં આવ્યા છે પરંતુ લોકડાઉન જાહેર થયા પહેલાં ગુજરાતના જે લોકો બહાર ફરવા ગયા હતા તેઓ ફસાઈ ગયા હતા. જો કે અન્ય રાજ્યની સરકાર દ્વારા બહારના લોકોને તેઓના રાજ્યમાં પહોંચાડવા માટે એસટી નિગમની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના દ્વારા ગુજરાતના સુરતના અને ભાવનગરના યાત્રીકો હરદ્વારા અને રૂષીકેશ ફરવા માટે ગયા હતા. તેઓને શનિવારના રોજ ઉત્તરાખંડ એસટી નિગમની ૪૦ બસો દ્વારા ગુજરાત બોર્ડરે શામળાજી રતનપુર ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં આ યાત્રીકોનું સ્ક્રનિંગ કરવામાં આવ્યું હતું.

### તમામ યાત્રિકોને ભિલોડાની સ્વૈચ્છિક સંસ્થાઓએ જમાડ્યા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી પાસે રંગપુર ગામ પાસે ઉત્તરાખંડ રાજ્યનો પ્રવાસ પુર્ણ કરીને પરત આવતા યાત્રિકોને સેવાભાવી સંસ્થાઓના કાર્યકરોએ જમાડ્યા હતા.ઉત્તરાખંડથી પરત ફરતા ૧૫૦૦ થી વધુ સૌરાષ્ટ્રના યાત્રિકોને ભિલોડાની વિવિધ સેવાભાવી સ્વૈચ્છીક સંસ્થાઓ ધ્વારા જમાડ્યા હતા.સમગ્ર વિશ્વભરમાં કોરોના વાયરસએ કાળો કેર વર્તાયો છે ત્યારે લોકડાઉન વડાપ્રધાન ધ્વારા કરાયું છે.ઉત્તરાખંડ રાજ્યનો પ્રવાસ કરીને પરત આવતા ૧૫૦૦ થી વધુ યાત્રિકો શામળાજી પાસે રંગપુર મુકામે પહોંચતા ભિલોડાની



સ્વૈચ્છીક સંસ્થાઓ ધ્વારા જમાડ્યા હતા.યાત્રિકોને સેનીટાઈઝેશન પણ કરાયું હતું.ઉત્તરાખંડથી ૧૫૦૦ થી વધુ યાત્રિકો આવી રહ્યા છે ત્યારે લોકડાઉનની સ્થિતીના કારણે યાત્રાળુઓ ભુખ્યા હોઈ ત્યારે જીલ્લા,તાલુકાનું વહીવટી તંત્ર ધ્વારા રતનપુર બોર્ડર પર ડોકટરી તપાસ કરીને યાત્રિકોને પ્રવેશ કરાવ્યો હતો.

### કોરોનાને આમંત્રણ...

● પહેલા પાનાનું ચાલુ

લાગણીશીલ થવાને બદલે દેશ પર આવી પડેલી આફતમાં સહકાર આપવાની જરૂર છે. વડાપ્રધાન મોદીએ તેમના રાબેતા મુજબના રેડિયો પરના કાર્યક્રમ મન કી બાતમાં આજે સવારે ૧૧ વાગે દેશને સંબોધન કર્યું હતું. મન કી બાત કાર્યક્રમનો આ ૬૩મી એડીશન છે. જેમાં મોદીએ કહ્યું કે, સામાન્ય રીતે મન કી બાતમાં હું ઘણા વિષયોને લઈને આવું છું. પરંતુ આજે વિશ્વભરમાં કોરોનાના સંકટની ચર્ચા છે. એવામાં બીજી વાત કરવી તે યોગ્ય નથી. સરકારને લોકહિતમાં કેટલાક એવા નિર્ણયો લેવા પડ્યા, જેનાથી ગરીબોને મુશ્કેલી થઈ છે, એ તમામની હું માંફી માંગુ છું. હું તમારા બધાની પરિસ્થિતિ સમજુ છું, પરંતુ કોરોનાની વિરુદ્ધની લડાઈ માટે આ સિવાય કોઈ રસ્તો નથી. કોઈને આમ કરવાનું મન થતું નથી, પરંતુ મારે તમારા પરિવારને સુરક્ષિત રાખવાનો છે. આ કારણે બીજી વખત માંફી માંગુ છું.

વડાપ્રધાને કહ્યું કે આપણે ત્યાં કહેવાય છે કે બીમારી પહેલા તેના ઉપાય કરવા જોઈએ. કોરોના વાઈરસ માણસને ખતમ કરવાની જીદ પર છે. તેથી સૌ કોઈને એકજૂટ થઈને લોકડાઉનનું પાલન કરવાનો સંકલ્પ લેવો પડશે. લોકડાઉનમાં ધૈર્ય દેખાડવાનું છે. અમુક લોકો કોરોનાની ગંભીરતાને સમજી રહ્યા નથી. પરંતુ હું કહેવા માંગીશ કે એ ગફલતમાં ન રહેતા કે દેશ બરબાદ નહીં થઈ જાય. કોરોનાની લડાઈમાં ઘણા એવા યોદ્ધા છે જે અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

કોરોના સામે લડનારાઓને ફાઈટર્સ ગણાવીને તેઓ તેમના અનુભવોની વાતો બીજાને શેર કરે એમ કહીને તેમણે કહ્યું કે, કોરોના ફાઈટર્સ સાથે વાત કરીને મને પણ પ્રેરણા મળી છે. કોરોનાથી સ્વસ્થ થયેલા રામ કુમાર નામની વ્યક્તિએ જણાવ્યું કે હું આઈટી કંપનીમાં કામ કરું છું. છેલ્લા અમુક દિવસોમાં દુબઈ ગયો હતો , ત્યાંથી પરત ગયો તો સંક્રમણની માહિતી મળી. હોસ્પિટલમાં અમુક દિવસો સુધી મને ઘણું વિચિત્ર લાગ્યું. ડોક્ટર્સ અને નર્સે મને સ્વસ્થ થવાનો ભરોસો આપ્યો. પરિવારને જ્યારે માહિતી મળી ત્યારે હું ક્વોરેન્ટાઈનમાં હતો. હવે દિવસભર અલગ રૂમમાં રહું છું. મોદીએ રામને કહ્યું કે તમે તમારા અનુભવનો ઓડિયો બનાવીને ઈન્ટરનેટ પર મૂકો જેથી લોકો પ્રેરણા લઇ શકે.

આગ્રાના ૭૩ વર્ષના વડીલ અશોકજીએ પોતાની વાત રજૂ કરતાં કહ્યું કે, મારા બે દીકરા કામથી ઈટલી ગયા હતા. જ્યારે તેઓ પરત આવ્યા તો અમુક પરેશાની થઈ। તેઓ દિલ્હીની આરએમએલ હોસ્પિટલ ગયા, ત્યાં ટેસ્ટ પોઝિટિવ આવ્યા. ત્યારબાદ આગ્રાના અન્ય ૬ લોકો સફદરજંગ હોસ્પિટલમાં પોઝિટિવ મળ્યા હતા. અમને એમ્બ્યુલન્સ દ્વારા આગ્રાથી દિલ્હી લઈ જવામાં આવ્યા. હોસ્પિટલમાં મને અને પરિવારને કોઈ સમસ્યા થઈ નહીં. ડોક્ટર્સ અને નર્સનો વ્યવહાર ખૂબ સારો છે. હોસ્પિટલ સ્ટાફના આભારી છીએ. ખુશી છે કે મારી તમારી સાથે વાત થઈ. મોદીએ તેમને કહ્યું કે, તમે આગ્રામાં લોકોને નિયમોનું પાલન કરવા માટે કહો. ભૂખ્યાઓને ભોજન કરાવો. અમે તમારી હિંમત અને સમજદારીનું સન્માન કરીએ છીએ.

### સાબુ ફ્રી...

● પહેલા પાનાનું ચાલુ

ફોર એક્સેસ ફંડ લોંચની શરૂઆત કરી હતી જેનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ લોકોને હેલ્થ, હાઈઝિન અને ન્યુટ્રિશન ઉપલબ્ધ કરાવવાનો રહેલો છે.

### દવા છંટકાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામજનોની માંગ જરૂર છે પણ તંત્ર મૌન છે.

જિલ્લાતંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતર્કતા સાથે ચાંપતી નજર રાખવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે. જિલ્લાને કોરોનાના સંક્રમણથી બચાવવા જરૂરી પગલાંઓની વ્યુહરચના પણ તંત્રએ તૈયાર કરી લીધી હોવાનું જાણવા મળેલ છે.

### નાગરિકોને સુચના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે બાળકો પણ મોટી સંખ્યામાં સોસાયટીમાં રમતા હોવાનુ છેલ્લા બે દિવસથી ધ્યાને આવતા પોલીસ તંત્રએ આજે સેકટરોમાં કોઈપણ વ્યકિતને સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ બહાર ન નિકળવા માટે સતત સર્તક કરાયા હતા કોરોનાના રોગચાળાને હરાવવા માટે ઘરમાં રહેવુ જ સલામત અને અસરકારક હોવાના મેસેજ સાથે નગરજનોને જાગૃત કર્યા હતા. ગાંધીનગરમાં આજે લોકડાઉનના પાંચમા દિવસે પણ કરફયુ જેવી સ્થિતિ રહી હતી. નાગરિકો પણ લોકડાઉનને સહયોગ આપી રહ્યા છે. જયારે પોલીસ તંત્ર પણ બહાર નિકળતા નાગરિકોને ટપારે છે.

### ભોજનની વ્યવસ્થા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તાર નિયત કરી દીધો છે. આગામી ૧૪ એપ્રિલ સુધી આ યુવાનો સતત સવાર સાંજ ગરીબોને ભોજન પીરસવાનુ ઉમદા કાર્ય કરશે. જયારે યુવક મંડળને પણ સ્થાનિક તંત્ર દ્વારા જરૂરી પાસ ફાળવવામાં આવે તેવી પણ લાગણી વ્યકત કરવામાં આવી છે. જયારે પોલીસતંત્ર પણ શ્રમિકોને કપરા કાળમાં ભોજન સેવા પુરી પાડતા મંડળના સ્વયં સેવકોને સહકાર આપે તેવી માંગણી પણ કરવામાં આવી છે.

### સરહદો સીલ કરવા...

● પહેલા પાનાનું ચાલુ

લોકો મોટાપાયે પલાયન કરી રહ્યા છે જેથી લોકડાઉનની સ્થિતિ નિષ્ફળ સાબિત થઈ શકે છે. શનિવારના દિવસે દિલ્હીના સરહદી વિસ્તારોમાં ભારે ભીડ જોવા મળી હતી. ઘણા લોકો તો ચાલતા સેંકડો કિલોમીટર સુધી પહોંચી ગયા હતા. આને લઈને જોરદાર રાજકીય ગરમી જામી છે. બિહાર સરકારે પહેલાથી જ કહ્યું છે કે, બહારથી આવનાર લોકોને સરહદ પર રોકી દેવામાં આવશે. ત્યાં તમામ વ્યવસ્થા તેમના માટે કરવામાં આવશે. રાજીવ ગોબા અને કેન્દ્રીય ગૃહસચિવ અજય ભલ્લાએ સ્પષ્ટ સૂચનાઓ આજે અધિકારીઓને આપી હતી. લોકડાઉનનો ગાળો જારી છે જેથી હાઈવે ઉપર અથવા તો શહેરોમાં લોકોની અવરજવર જોવા મળવી જોઈએ નહીં. આ પ્રકારની સ્થિતિ લોકડાઉનને નિષ્ફળ કરવા તરફ દોરી જાય તેવી દહેશત રહેલી છે. કોરોના વાયરસના વધતા જતાં ફેલાવાને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકાર તરફથી એક પછી એક નિર્ણય લેવામાં આવી રહ્યા છે. રાજ્યો અને જિલ્લાઓની સરહદો સીલ કરવા કેન્દ્ર સરકારે આદેશ કર્યો છે. લોકડાઉનના નિયમો પાળવાની જવાબદારી ડીએમ અને એસપીની છે. આની સાથે સાથે કેન્દ્ર સરકારે આદેશ આપ્યો છે કે, રોજગાર આપનાર કંપની પોતાના કર્મચારીઓ માટે પુરતી વ્યવસ્થા કરે અને તેમને પુરતા પગારની ચુકવણી પણ કરે. છેલ્લા કેટલાક દિવસથી અંધાધૂંધીની સ્થિતિ સર્જાઈ છે ત્યારે આજે આ મુજબની સુચના આપવામાં આવી છે. મોટાભાગના લોકો હવે વતન જવા માટે પ્રયાસ થયા છે.